# તડકામાં તાપણું કરનારાં આપણે

રોજ ઊગતો દિવસ બધા પોતપોતાની રીતે જીવે છે; કોઈક સપનું સાચું પડવામાં, કોઈક સાચા પડેલા સપનાંને ઊજવવામાં, કોઈક સપનું આવે એની રાહ જોવામાં અને કોઈક દિવસને ખબર ન પડે એમ જીવવામાં પસાર કરે છે જીવન! ઉઝરડાને ગમતું હશે આપણી સાથે રહેવાનું? જીવન કેવો છેતરામણો શબ્દ છે! જીવીએ છીએ અને પકડાતો નથી! અનુભવીએ છીએ, પણ દેખાતો નથી! વળાંકોને સીધા કરવામાં વીતેલાં વર્ષો હવે સીધાં થયાં પછી અળવીતરી મોજને યાદ કરે છે; પેનની શાહીને દૂધની જેમ તર નથી લાગતી! તર દૂધ કે ચા કે ગરમ વસ્તુ પર જામી જાય એ શક્ય છે. 'તર' મનમાં ને મનમાં જાણ બહાર મોટી થતી જાય ત્યારે મુશ્કેલી માઝા મૂકે છે... જીવનનાં ઘણાં ખરાં વર્ષો સમયને સમજાવવામાં અને જે સમજી શકે એમ છે, એમને મનાવવામાં વીતે છે; નસીબ અને પ્રારબ્ધ એક જ બાપના બે દીકરાઓને વહેંચીને આપેલો ધંધો છે, જ્યાં મહેનત છૂટક પગારે નોકરી કરે છે...

વિચારો પણ જન્મ અને મરણ લઈને આપણામાં જીવે છે. વાત તો બધી વિચારને જ લાગેવળગે છે. એકાંત પણ વિચારનો નાનકડો ટાપુ છે, જ્યાં આરામ કરવા માટે એને કોઈની પરમિશન લેવી પડતી નથી. થાક લાગે છે અને આરામ કરીએ છીએ એ વાત પછી પણ થાક ઊતરી જ જાય છે એવું ઓછું બને છે! સ્થળ બદલવાથી જળનો સ્વાદ બદલાય છે. જળનો સ્વભાવ તો એક જ રહે છે. જીવન એક જ છે. દરેકની પાસે એ અલગ અલગ રીતે ખૂલે છે. મળ્યા પછી અધૂરી રહી ગયેલી વાતોની જેમ વિચારોને મળીએ છીએ અને બીજો વિચાર આપણને બોલાવતો થાય છે અને મળ્યા છતાં અધૂરા રહી જવાય છે. સમય, એકાંત અને વિચારો એકબીજાને સરખી રીતે

મળે છે ત્યારે તરણેતરનો મેળો બની જાય છે. સમય હોય છે ત્યારે એકાંત નથી હોતું! એકાંત હોય છે ત્યારે સમય અને વિચારોને નથી બનતું અને ત્રણેય મળે છે ત્યારે જીવન ક્ષણોને રિવાઇન્ડ કરવામાં માને છે. આપણી અને આપણા ઈશ્વર વચ્ચે વેંતછેટું નહીં, પણ 'વહાલછેટું' અંતર છે... આપણું પ્રભુત્વ જાળવવામાં પ્રભુતા સાથે આપણું વાજિંત્ર સૂર ખોઈ બેસે છે. જીવન જેને શોધે છે તે માણસમાં રહેલી માનવતાનું સરનામા વગરનું સ્થળ છે..

યૂ-ટ્યૂબથી યાદો 'ડાઉનલૉડ' થાય છે, જીવન નહીં! વૉટ્સ-ઍપના ગ્રૂપ મેસેજમાં લાગણી નથી હોતી! સંબંધોનું હાજરીપત્રક ફૉરવર્ડ કરેલા મેસેજને 'વાહ વાહ' કહે છે. જીવન વસ્તુ નથી, વસ્તુમાં જીવન હોઈ શકે છે. પ્રત્યેક પળ, પ્રત્યેક કલાક, પ્રત્યેક દિવસ અને આખું જીવન એક ઝબકારા માટે રાહ જુએ છે. આ ઝબકારો થાય છે ત્યારે ઉત્તમ સર્જનનું નિર્માણ આપણા દ્વારા સર્જાતું હોય છે... આ ઝબકારો એટલે આપણી ઓળખ! આ ઝબકારો એટલે નેમ-પ્લેટમાં અટકી ગયેલી ઓળખાણને સાચો ઓપ આપવાની મથામણ! આ ઝબકારો એટલે બ્રહ્માંડના ચૈતન્ય સાથે તાર વગર સધાતો અણસારો! આપણામાં આપણે સ્વાર્થીભાવથી જીવીએ છીએ. એકબીજાના સંબંધ સાચવવામાં કે અંદરથી ખાલી થઈ ગયેલા આપણે એકબીજાને કેટલા ભરેલા છીએ એ દર્શાવવામાં સમય વિતાવીએ છીએ. આપણે આપણામાં જાગી જઈશું, ત્યારે આપણે બીજાને બતાવવામાં નહીં, અંદર જેટલું ખાલી પડ્યું છે એને વધારે ખાલી કરવામાં જીવન વિતાવીશું!

રસ્તો એક જ છે અને હમસફર આપણે જ છીએ! વારેતહેવારે લોકોને ડિપ્રેશન, ટેન્શન, રડવું આવી જાય છે... આવું જોઉં છું ત્યારે એવા લોકો પર દયા પણ નથી આવતી! પોતાની જાતને એટલી નબળી પાડી નાખવાની કે બીજાઓ આપણી ઉપર હાવી બની જાય! એનો મતલબ તો એ જ થયો કે તમે એ લોકો માટે જિવતા હતા! તમારા માટે નહીં! આપણા માટે, પોતાને માટે, ડાળીઓ, પાંદડાં, થડ, મૂળ ભેગાં બનીને જ જીવવું એટલે તડકાની વચ્ચે તાપણાને વફાદાર રહેવું! વરસાદની વચ્ચે ઝાકળની કુમાશને ટકાવી રાખવી. અશક્ય હોય એવી વાતને શક્ય હોય છે એમ માનીને વળગી રહેવું! સમય તો સરખો જ છે, એકથી બાર કાંટામાં જ સમાયેલો છે. સમયના કાંટાથી કંટાળાના કાંટાને કાઢી નાખવાનો છે. નિંદાથી ડિપ્રેશન

આવે તો સમજવું કે તમને સન્માન વધારે ગમતું હતું! પોતાની વ્યક્તિથી ટેન્શન આવે તો સમજવું કે આપણે સંબંધમાં જીવ્યા જ નથી. વિરહમાં રડવું આવે તો યાદ રાખવું કે મિલનમાં છૂટા પડવાની ઉતાવળ વધારે હતી! જીવન ખાનાંઓમાં વહેંચીને જીવીએ છીએ આપણે! ડાળીઓ, પાંદડાં, થડ, મૂળ ભેગાં બનીને જ વૃક્ષ બને છે. સપનાંઓ, પીડાઓ, હાસ્ય, આનંદ, સંબંધો ભેગાં મળીને જીવન બને છે... બધા એકબીજાથી શોભે છે અને એમને કારણે જીવનની શોભા છે...

પગ છે એટલે ચાલવા મળ્યું છે, આંખો છે એટલે જોવા મળ્યું છે, હાથ છે એટલે હૂંફ મળી છે, નાક છે એટલે સુગંધ આવે છે. મળ્યું છે તો માણવું અને મમળાવવું મહત્ત્વનું છે... પગ થાકવા માટે નથી, આંખો રડવા માટે નથી, હાથ વૈતરું કરવા નથી આપ્યા, નાકનું ટેરવું હંમેશાં ચડેલું રહે એ વાજબી નથી! જીવન પસાર થઈ જાય એ પહેલાં જીવનમાંથી પસાર થતાં રહીએ... હોળીની જ્વાલાના તેજમાં સ્નાન કરીને શરીરને ગુલાલથી રંગી નાખવાની રાહ જોવાય છે. પ્રૉમિસ આપ્યા વગર પળાતી પ્રતીક્ષાને ભક્તિના રંગનો દરજ્જો મળ્યો છે. જીવન આપણી રાહ જુએ છે. રાહ જોવામાં વીતે છે એ પણ જીવન જ છે...

ઑન ધ
**બિટ્સ**

*આમ તો ચારે તરફ અંધાર છે,*
*તું મળે છે એટલે તહેવાર છે.*
*ડૂબતો કાયમ રહ્યો છું ભીતરે,*
*નાવડીનો ક્યાં મને આધાર છે.*

***– પ્રશાંત સોમાણી***

# પવનનું પ્રવચન...
## આનંદની આચારસંહિતા

થોડા વિચારોએ મનમાં સળવળાટ ઊભો કર્યો છે. સળવળાટ એ જ જીવન... અજંપો અને મળ્યા પહેલાંનો રોમાંચ અવર્ણનીય છે. જિંદગી જીવવા માટે છે અને વિતાવવા માટે નથી એની ખબર તત્કાળ પડવી જોઈએ... મારો સળવળાટ જૂનો છે. વળી એ સળવળાટ વિચારોએ ઊભો કરેલો છે. વિચારોનું વતન છે મન... પવન જેમ બારીમાંથી આવીને બારણામાંથી જતો રહે છે એમ વિચારો હૃદયથી મન સુધી આવન-જાવન કરે છે. આ આવન-જાવન એ જ જીવન... બંધિયાર પાણી ડહોળાઈ જાય છે એમ જ વાણી પણ વહેતી જ રાખવી... વહેતી વાણી એટલે વિચારોને તેડીને ભાષા ઉપર સવારી કરાવે તે! આવા વિચારોનો સળવળાટ હવે પછી કાગળ પર ઉતારું છું. એક વાક્યનો બીજા વાકય સાથે કોઈ જ સંબંધ નહીં હોય, પણ બધાનો નાતો એક જ છે... આપણામાં સળવળાટ ઊભો કરવાનો નાતો...! આ વિચારો જેમ આવે છે એમ કાગળ પર ઉતારીને રોમાંચ અને અજંપો અનુભવવાનો પ્રયત્ન કરું છું...

પ્રેમના હેન્ગર ઉપર વાસનાનાં કપડાં લટકે છે અને પ્રેમના હેન્ગરને ઉપાસનાનો કાટ લાગ્યો છે. આંખો બંધ થાય છે ત્યારે દૃશ્યો મૌન બની જાય છે... દૃશ્યોને મજા પડે છે ત્યારે આંખોમાં ચમક દેખાય છે... વર્તારો નામનો શબ્દ મોબાઇલ અને ઇન્ટરનેટનો યુગ ભૂલી ગયો છે... 'કુદરત' દીવાલ પરનું ચિત્ર બની ગઈ છે... પૈસો અસહકારનું આંદોલન કરે છે... ત્યારે બજારમાં મંદી પ્રવેશે છે. હાથ મિલાવવા જેવા રહ્યા નથી અને હૂંફ ખરબચડી થઈ ગઈ છે. વીંટીને આંગળીઓનો ભાર લાગે છે... લખવાનો શબ્દ વલખવાનું મૌન બની ગયો છે... ઉપરાણું લેવા માટે વસ્તુઓ પાસે જવું પડે છે. ફૅશન વળ ખાય છે ત્યારે આળસના સળ દેખાય છે. મુલાકાતનો

સાપ આત્મીયતાને ડસે છે... મનુષ્ય ઈશ્વરનું ધીમું ઝેર છે... શ્રદ્ધાનું સાચું માપ શંકા કાઢે છે... અને નવાઈની વાત તો એ છે કે સમાધાન શ્રદ્ધાનાં કપડાં સીવે છે... દીવો અજવાળાને શોધવા નીકળ્યો છે... અને અંધારું દીવાને ખરીદવા માગે છે.. કોડિયું પોતાની મોનોપૉલી વીસરાઈ જશે એવું માનીને ફરીથી માટી ભેગું થઈ જવાની ઉતાવળ કરે છે...

જળ અને વાદળ એક હોવા છતાં દરિયા વગર અધૂરાં છે. પુસ્તકો વડીલોએ ચીંધેલી આંગળી જેવા છે.. જેમને અનુસરવાથી આપણને અંતે... તો લાભ જ થાય છે... 'વિરહ' કોઈએ જોયો નથી, બધાએ અનુભવ્યો છે. વિરહ એટલે મિલનની જન્મભૂમિ...! લખી લખીને થાકી જતા હાથ શબ્દોને શાબાશી આપે છે. સિગારેટની રાખની જેમ આનંદ ખરવો ન જોઈએ. એના ધુમાડાની જેમ ઉપર ઊઠવો જોઈએ... અરીસામાં દેખાતી દુનિયા એક માણસની હોય છે અને વખત આવ્યે એ જ માણસ આખી દુનિયાનો અરીસો હોય છે. **બીજાને સારું લગાડવા માટે સાહિત્યનો શોખ રાખવો એ માળી માટે બગીચો ઉછેરવા જેવી વાત છે...!** જે લોહીના છે તેને લાગણી બનતાં વાર નથી લાગતી... જે લાડમાં છે એને લાલસા બનતાં વાર નથી લાગતી...! કેલેન્ડર સમયનું પાનું ફેરવે છે અને દિવસ પૃથ્વીને ફેરવે છે. મનમાં ચગદાઈ જતાં ટ્રાફિકને સામેવાળાનો ચહેરો જોઈને અભયારણ્યની વાહન ચલાવવાની સ્પીડ યાદ આવે છે! **આનંદને આચારસંહિતા લાગુ નથી પડતી, કારણ કે એણે સુખની સામે ચૂંટણીમાં ઊભા રહેવાનું નથી હોતું...!**

પવનના પ્રવચનને સુગંધ શ્રદ્ધાથી સાંભળે છે અને લહેરખીની ઊંઘ ઊડી જાય છે... સપનાંનો દરવાજો ખોલીને ઊંઘ ભાગતી હતી ત્યાં જ નસકોરાંએ એને પકડી લીધી છે. સારી વ્યક્તિ જીવનમાંથી ચાલી જાય છે ત્યારે નવી પેન કોઈને લખવા આપી હોય અને પાછી ન મળે એવી અનુભૂતિ થાય છે...! આંસુને આઇસ-ટ્રેમાં મૂકવાથી સ્મૃતિની ભરતી-ઓટમાં ફરક પડવાનો નથી... પટકાઈને પાછાં એનાં એ જ થઈ જતાં મોજાં દરિયાની વિશાળતાને સંકોચાઈ જવાની સાંત્વના નથી આપતાં...! પાનખર પાસે ખરવાનું ઑફિશિયલ લાઇસન્સ છે, પરંતુ નવા ઊગેલા પાંદડાં પાસે, પાનખરનું લર્નિંગ લાઇસન્સ હોય છે... **વસંત લાઇસન્સમાં નથી માનતી! ઊગવાની લ્હાયમાં માને છે...!**